**Q.91** બંધ જગ્યાઓમાં હવામાં રહેલા રાસાયણિક કણો સાથે સંકળાયેલા કાર્યો માટે કયા પ્રકારના વ્યક્તિગત સુરક્ષા સાધનો (personal protective equipment) સૌથી વધુ યોગ્ય છે?

Ans
✗ 1. ઔદ્યોગિક ગ્રેડના હાર્ડ હેટ્સ વડે માથાની સુરક્ષા
✓ 2. શ્વસન સંબંધી સુરક્ષા ઉપકરણો જેવા કે હાફ-ફેસ માસ્ક
✗ 3. જ્યોત-અવરોધક (ફ્લેમ-રેટાર્ડન્ટ) સૂટ્સ વડે શરીરની સુરક્ષા
✗ 4. રસાયણ-અવરોધક ગ્લોવ્ઝનો ઉપયોગ કરીને હાથની સુરક્ષા

---

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.92** એક વ્યક્તિના પગારમાં સતત ત્રણ વર્ષમાં ક્રમિક રીતે 10%, 20% અને 25% નો વધારો થાય છે. તો ત્રીજા વર્ષના અંતે તેના પગારમાં થયેલો કુલ ટકાવારી વધારો શોધો.

Ans
✗ 1. 60%
✗ 2. 50%
✗ 3. 30%
✓ 4. 65%

---

**Q.93** નીચે બે સંખ્યા ગણ (સેટ) આપેલા છે. દરેક ગણમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એજ રીતે બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આગળ પણ આ જ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરાય છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા ગણો દ્વારા અનુસરવામાં આવી છે.
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં છૂટા પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

6 – 16 – 23 – 32; 7 – 19 – 26 – 35

Ans
✗ 1. 11 – 31 – 38 – 29
✗ 2. 8 – 22 – 15 – 24
✗ 3. 4 – 14 – 21 – 30
✓ 4. 12 – 34 – 41 – 50

---

**Q.94** નીચેનામાંથી કયું વિધાન એન્જિનિયરિંગ ડ્રોઇંગમાં વપરાતા ત્રિકોણનું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે?

Ans
✗ 1. ત્રિકોણની બધી બાજુઓ હંમેશા સમાન લંબાઈની હોવી જોઈએ.
✗ 2. ત્રિકોણ એ ચાર સુરેખ બાજુઓ અને ચાર ખૂણાઓ ધરાવતો બહુકોણ છે.
✓ 3. ત્રિકોણ એ ત્રણ સીધી બાજુઓ અને ત્રણ ખૂણા ધરાવતો બહુકોણ છે.
✗ 4. ત્રિકોણ એ બહુકોણ છે જેની ત્રણ વક્ર બાજુઓ હોય છે.

---

**Q.95** કમ્પ્યુટિંગમાં CPU નું પૂરું નામ શું છે?

Ans
✓ 1. સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ (Central Processing Unit)
✗ 2. કંટ્રોલ પ્રોસેસિંગ યુનિટ (Control Processing Unit)
✗ 3. કોર પ્રોસેસિંગ યુનિટ (Core Processing Unit)
✗ 4. કમ્પ્યુટર પ્રોસેસિંગ યુનિટ (Computer Processing Unit)

---

**Q.96** એક નિશ્ચિત સમય (fixed time) માટે જ્યારે કોઈ તારમાંથી વિદ્યુતપ્રવાહ વહેતો હોય, ત્યારે તેમાં ઉત્પન્ન થતી ઉષ્માની માત્રા કયા પરિબળને કારણે વધે છે?

Ans
✗ 1. તારને જાડું બનાવવાથી
✗ 2. તારમાં વિદ્યુતપ્રવાહ ઘટાડવાથી
✓ 3. તારનો અવરોધ વધારવાથી
✗ 4. તારની લંબાઈ ઘટાડવાથી

---

**Q.97** એન્જિનિયરિંગ ડ્રોઇંગમાં ફ્રન્ટ વ્યુનું શ્રેષ્ઠ વર્ણન કયું વિધાન કરે છે?

Ans
✗ 1. તે ફક્ત ઑબ્જેક્ટનો નીચેનો ભાગ અથવા જમણી બાજુ બતાવે છે.
✗ 2. તે ઑબ્જેક્ટનું ફક્ત એક જ પરિમાણ દર્શાવે છે.
✓ 3. તે આગળથી દેખાતી ઑબ્જેક્ટની ઊંચાઈ અને પહોળાઈ દર્શાવે છે.
✗ 4. તે બાજુથી દેખાતી ઑબ્જેક્ટની ઊંડાઈ અને ઊંચાઈ દર્શાવે છે.

---

**Q.98** અમુક ચોક્કસ રાસાયણિક રેફ્રિજરેન્ટ્સ (refrigerants) પર પ્રતિબંધ મૂકવાથી ઓઝોન સ્તરને થતું નુકસાન અસરકારક રીતે કેમ ઓછું થાય છે?

Ans
✓ 1. રેફ્રિજરેન્ટ્સ એવા પદાર્થો મુક્ત કરે છે જે ઓઝોન વિઘટનને ઉદ્દીપિત (catalyze) કરે છે.
✗ 2. રેફ્રિજરેન્ટ્સ ગ્રીનહાઉસ વાયુઓ ઉત્સર્જિત કરે છે જે સ્ટ્રેટોસ્ફિયર (stratosphere) ને ગરમ કરે છે.
✗ 3. રેફ્રિજરેન્ટ્સ ઓક્સિજનનું ઉત્પાદન વધારે છે, જે ઓઝોનની પુનઃપ્રાપ્તિમાં મદદ કરે છે.
✗ 4. રેફ્રિજરેન્ટ્સ એવા કણો ધરાવે છે જે નુકસાનકારક UV પ્રકાશનું શોષણ કરે છે.

---

Blackbook
Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.99** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

1 2 7 20 61 ?

Ans
✓ 1. 182
✗ 2. 181
✗ 3. 183
✗ 4. 185

**Q.100** ધારો કે C એક વર્તુળ છે, અને AB તેમજ DE એ C પર આવેલી બે જીવાઓ છે જેથી AB = BE થાય. ચતુષ્કોણ ABED માં, ધારો કે AE અને BD એકબીજાને F બિંદુએ છેદે છે. જો ∠DBE = 55° અને ∠BAE = 40° હોય, તો ∠FED શોધો.

Ans
✗ 1. 110°
✗ 2. 55°
✓ 3. 45°
✗ 4. 60°

## Section : Part B (Electrician)

**Q.101** એક ટેકનિશિયનને એક વર્કશોપ સર્કિટના કુલ વિદ્યુતપ્રવાહ લોડનો અંદાજ મેળવવો છે. આ સર્કિટમાં પાંચ 1.5 kW ના મશીનો છે, જેમાંથી દરેક 230 V પર કાર્યરત છે. આ સર્કિટ દ્વારા ખેંચાતો અંદાજિત કુલ વિદ્યુતપ્રવાહ કેટલો હશે?

Ans
✗ 1. 65.2 A
✗ 2. 15.2 A
✗ 3. 7.5 A
✓ 4. 32.6 A

**Q.102** એક DC શન્ટ જનરેટર અચળ ઝડપ (constant speed) અને ફીલ્ડ એક્સાઇટેશન (field excitation) પર ચાલી રહ્યું છે. જો લોડ વધવાને કારણે આર્મેચર કરંટ વધે, તો જનરેટ થયેલા વોલ્ટેજ પર શું અસર થશે અને તેનું કારણ શું છે?

Ans
✗ 1. લોડની માંગને કારણે જનરેટ થયેલા વોલ્ટેજ વધે છે
✓ 2. આર્મેચર રિએક્શન (armature reaction) વધવાને કારણે જનરેટ થયેલા વોલ્ટેજ ઘટે છે
✗ 3. અચળ ઝડપને કારણે જનરેટ થયેલા વોલ્ટેજ અપરિવર્તિત રહે છે
✗ 4. સુધારેલા કોમ્યુટેશનને કારણે જનરેટ થયેલા વોલ્ટેજ વધે છે

**Q.103** ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશનમાં કાર્યકારી સપાટી (working surface) પર મળતા પ્રકાશ (illumination)ના સ્તરને કયું પરિબળ અસર કરે છે?

Ans
✗ 1. જે રૂમમાં લાઇટ ઇન્સ્ટોલ કરેલી હોય તેનો આકાર
✓ 2. પ્રકાશ સ્રોત (light source) અને સપાટી વચ્ચેનું અંતર
✗ 3. રૂમમાં દિવાલના કલરનો પેઇન્ટ
✗ 4. ઉપયોગમાં લેવાયેલા ઇલેક્ટ્રિકલ વાયરિંગની ગુણવત્તા

**Q.104** એક અલ્ટરનેટરમાં પ્રતિ ફેઝ 500 ટર્ન્સ (turns) છે અને 50 Hz આવૃત્તિ પર પ્રતિ પોલ ફ્લક્સ (flux per pole) 0.02 વેબર છે. તો પ્રતિ ફેઝ ઉત્પન્ન થતો EMF કેટલો હશે?

Ans
✗ 1. 4440 V
✗ 2. 1110 V
✗ 3. 3330 V
✓ 4. 2220 V

**Q.105** એક ફેક્ટરી તેની લાઇટિંગ સિસ્ટમને અપગ્રેડ કરવાનું આયોજન કરી રહી છે. મેનેજમેન્ટ ઉર્જા કાર્યક્ષમતામાં સુધારો, લાંબું સર્વિસ આયુષ્ય અને જાળવણી ખર્ચમાં ઘટાડો ઈચ્છે છે. આ જરૂરિયાતોના આધારે, શ્રેષ્ઠ એકંદર ફાયદા માટે તેમણે કયા લેમ્પ પ્રકારની પસંદગી કરવી જોઈએ?

Ans
✗ 1. ફ્લોરોસન્ટ લેમ્પ
✗ 2. હેલોજન લેમ્પ
✓ 3. LED લેમ્પ
✗ 4. ઇનકેન્ડેસન્ટ લેમ્પ

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

Q.106 એક ટેકનિશિયન ઉચ્ચ ભેજ (high humidity) અને ધાતુના ફ્લોરિંગ (metallic flooring) ધરાવતા વર્કશોપમાં ઇલેક્ટ્રિકલ ઉપકરણો ગોઠવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં ઉપકરણોની સલામતી અને માનવ સુરક્ષા બંને સુનિશ્ચિત કરવા માટે કઈ અર્થિંગ પદ્ધતિ ખૂબ જ મહત્વપૂર્ણ (critical) છે?

Ans ✗ 1. તમામ ઉપકરણોને લાકડાના પ્લેટફોર્મ પર મૂકવા
✗ 2. અર્થ તરીકે માત્ર બિલ્ડિંગના ધાતુના માળખાનો ઉપયોગ કરવો
✗ 3. તમામ ઉપકરણોને માત્ર ન્યુટ્રલ વાયર સાથે જોડવા
✓ 4. દરેક મુખ્ય ઉપકરણ માટે સમર્પિત (dedicated) અર્થ ઇલેક્ટ્રોડ ઇન્સ્ટોલ કરવો

Q.107 એક પ્રયોગશાળામાં, એક વિદ્યાર્થી અવલોકન કરે છે કે ધાતુઓ સરળતાથી વિદ્યુતનું વહન કરે છે. આ વર્તણૂક માટે કયો પરમાણ્વીય ગુણધર્મ જવાબદાર છે?

Ans ✗ 1. ન્યુક્લિયસમાં રહેલા પ્રોટોન
✗ 2. ન્યુક્લિયસમાં રહેલા ન્યુટ્રોન
✗ 3. સૌથી અંદરની કક્ષામાં રહેલા ઇલેક્ટ્રોન
✓ 4. સૌથી બહારની કક્ષામાં રહેલા મુક્ત ઇલેક્ટ્રોન

Q.108 એનર્જી મીટરનું કવર અનધિકૃત રીતે ખોલવામાં આવે ત્યારે તેની ભાળ મેળવવા અને એલર્ટ આપવા માટે તેમાં કઈ સુવિધા (feature) નો ઉપયોગ થાય છે?

Ans ✗ 1. ઇન્ટિગ્રેટેડ રિલે
✓ 2. ટેમ્પર ડિટેક્શન સ્વીચ (Tamper detection switch)
✗ 3. રિઇનફોર્સ્ડ લોક (Reinforced lock)
✗ 4. વધારાનો ફ્યુઝ

Q.109 સર્કિટના વિદ્યુતપ્રવાહનું માપન કરતી વખતે એમીટરની આસપાસ થતો વૉલ્ટેજ ડ્રોપ ઘટાડવા માટે એમીટરની કઈ લાક્ષણિકતા જરૂરી છે?

Ans ✗ 1. ઉચ્ચ અવરોધ ધરાવતી કોઇલ
✓ 2. નીચો અવરોધ ધરાવતી કોઇલ
✗ 3. ઉચ્ચ રેટિંગવાળો વિદ્યુતપ્રવાહ
✗ 4. મોટું ભૌતિક કદ

Q.110 EV ચાર્જિંગ સિસ્ટમમાં, રેક્ટિફાયરમાંથી પસાર થયા પછી બેટરીને કયા પ્રકારનો કરંટ પૂરો પાડવામાં આવે છે?

Ans ✗ 1. પલ્સેટિંગ કરંટ
✗ 2. અલ્ટરનેટિંગ કરંટ (AC)
✗ 3. હાઇ-ફ્રિકવન્સી કરંટ
✓ 4. ડાયરેક્ટ કરંટ (DC)

Q.111 DC લોડને નિયંત્રિત કરતી વખતે, સિલિકોન કંટ્રોલ્ડ રેક્ટિફાયર (SCR) ને ફોરવર્ડ બ્લોકિંગ સ્ટેટમાંથી કન્ડક્શન સ્ટેટમાં લાવવા માટે તેના કયા ટર્મિનલ પર પોઝિટિવ પલ્સ મળવો જરૂરી છે?

Ans ✓ 1. ગેટ
✗ 2. કેથોડ
✗ 3. એનોડ
✗ 4. બેઝ

Q.112 કર્મચારીઓની તાલીમ અને જોખમો પ્રત્યેની જાગૃતિના સંદર્ભમાં, ઔદ્યોગિક વ્યાવસાયિક આરોગ્ય માટે BIS ધોરણો લાગુ (implement) કરવાનો મુખ્ય ફાયદો શું છે?

Ans ✗ 1. તે કર્મચારીના કામના કલાકો (employee working hours) ના આધારે તાલીમ એસાઇન કરે છે.
✓ 2. તે ખાતરી કરે છે કે કર્મચારીઓને એકસમાન સલામતી તાલીમ (uniform safety training) મોડ્યુલ્સ મળે.
✗ 3. તે સાધનો (equipment) ની જાળવણીની જરૂરિયાતો (maintenance requirements) ઘટાડે છે.
✗ 4. તે સલામતી તાલીમ સત્રો (safety training sessions) ની સંખ્યામાં વધારો કરે છે.

Q.113 નીચેનામાંથી કયો પ્રાયમરી સેલનો ઉપયોગ છે?

Ans ✗ 1. ઇલેક્ટ્રિક પાવર ટ્રાન્સમિશન (Electric power transmission)
✗ 2. ભારે ઔદ્યોગિક મોટર્સ
✗ 3. લાર્જ પાવર ટ્રાન્સફોર્મર્સ (Large power transformers)
✓ 4. વિદ્યુત ઉત્પાદનો

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.114** ડ્રાય સેલની કઈ લાક્ષણિકતા તેને પોર્ટેબલ ઇલેક્ટ્રોનિક ઉપકરણો માટે યોગ્ય બનાવે છે?

Ans ✗ 1. તેને ખાસ માઉન્ટિંગ બ્રેકેટ્સ (mounting brackets) ની જરૂર પડે છે.
✗ 2. કાર્ય કરવા માટે તેને સીધો રાખવો આવશ્યક છે.
✓ 3. તે ઇલેક્ટ્રોલાઇટ લીક થયા વિના કોઈપણ સ્થિતિમાં કાર્ય કરી શકે છે.
✗ 4. તે અન્ય પ્રકારો કરતા ઓછો પોર્ટેબલ છે.

---

**Q.115** એક સામાન્ય અનઇન્ટ્રપ્ટીબલ પાવર સપ્લાય (UPS) સિસ્ટમની કાર્યપદ્ધતિના બ્લોક ડાયાગ્રામમાં ફંક્શનલ બ્લોક્સનો સાચો ક્રમ કયો છે?

Ans ✗ 1. લોડ, બેટરી, ઇન્વર્ટર, AC સપ્લાય, રેક્ટિફાયર
✗ 2. બેટરી, ઇન્વર્ટર, રેક્ટિફાયર, લોડ, AC સપ્લાય
✓ 3. AC સપ્લાય, રેક્ટિફાયર, બેટરી, ઇન્વર્ટર, લોડ
✗ 4. રેક્ટિફાયર, લોડ, ઇન્વર્ટર, બેટરી, AC સપ્લાય

---

**Q.116** નિયમિત કાર્યસ્થળ સુરક્ષા નિરીક્ષણ (routine workplace safety inspection) દરમિયાન મેન્યુફેક્ચરિંગ યુનિટમાં રાસાયણિક જોખમો (chemical hazards) ઓળખવા માટે કઈ પદ્ધતિ સૌથી વધુ અસરકારક છે?

Ans ✓ 1. કેમિકલ લેબલ્સ અને સેફ્ટી ડેટા શીટ્સ (SDS) ની તપાસ કરવી
✗ 2. કાર્યસ્થળના ઘોંઘાટના સ્તરો અને PPE ના પાલનનું મોનિટરિંગ કરવું
✗ 3. કાર્યક્ષેત્રમાં હાઉસકીપિંગની પદ્ધતિઓની સમીક્ષા કરવી
✗ 4. મશીન ગાર્ડ અને ઇમરજન્સી સ્ટોપ્સનું નિરીક્ષણ કરવું

---

**Q.117** એક ઓન ડિલે ટાઈમર રિલે (On Delay Timer Relay) ને 10 સેકન્ડ પર સેટ કરવામાં આવ્યો છે. તેનો નોર્મલી ઓપન (NO) ટાઈમ્ડ કોન્ટેક્ટ એક લોડને નિયંત્રિત કરે છે. જો ટાઈમર કોઈલને સતત એનર્જાઈઝ (energize) કરવામાં આવે, તો શું થશે?

Ans ✗ 1. નોર્મલી ઓપન કોન્ટેક્ટ 20 સેકન્ડ પછી બંધ (close) થશે અને લોડને એનર્જાઈઝ કરશે.
✓ 2. નોર્મલી ઓપન કોન્ટેક્ટ 10 સેકન્ડ પછી બંધ (close) થશે અને લોડને એનર્જાઈઝ કરશે.
✗ 3. નોર્મલી ઓપન કોન્ટેક્ટ તરત જ બંધ (close) થશે અને લોડને એનર્જાઈઝ (energize) કરશે.
✗ 4. નોર્મલી ઓપન કોન્ટેક્ટ અનિશ્ચિત (indefinite) સમય માટે ઓપન રહેશે અને લોડને એનર્જાઈઝ થતાં (load energization) અટકાવશે.

---

**Q.118** ઔદ્યોગિક પાવર વિતરણ અને કંટ્રોલ પેનલ એસેમ્બલીમાં વપરાતા DIN રેલ્સના ઉત્પાદન માટે કયા પદાર્થનો સૌથી વધુ ઉપયોગ થાય છે?

Ans ✗ 1. સાર્વત્રિક ઉપયોગો માટે ક્ષારણ-પ્રતિરોધક પ્રક્રિયાવાળું સ્ટેનલેસ સ્ટીલ
✓ 2. ઝીંક સપાટી પ્લેટિંગવાળું કોલ્ડ-રોલ્ડ કાર્બન સ્ટીલ
✗ 3. એન્ક્લોઝર માઉન્ટિંગ સિસ્ટમ માટે વિદ્યુતવિભાજનીય ફિનિશિંગવાળું કોપર
✗ 4. સ્ટાન્ડર્ડ DIN રેલ ફેબ્રિકેશન માટે એનોડાઇઝ્ડ કોટિંગવાળું એલ્યુમિનિયમ

---

**Q.119** એક ટ્રાન્સફોર્મરનો નો-લોડ સેકન્ડરી વોલ્ટેજ 220 V અને ફૂલ-લોડ સેકન્ડરી વોલ્ટેજ 200 V છે. તો ટકાવારી વોલ્ટેજ રેગ્યુલેશન શોધો.

Ans ✗ 1. 12%
✗ 2. 5%
✗ 3. 8%
✓ 4. 10%

---

**Q.120** એક ડાયોડ સર્કિટનું પરીક્ષણ કરતી વખતે, એક ITI ટ્રેઇની DC પાવર સપ્લાયના ધન (positive) ટર્મિનલને કેથોડ (cathode) સાથે અને ઋણ (negative) ટર્મિનલને ડાયોડના એનોડ સાથે જોડે છે. આ કઈ બાયસ સ્થિતિ (bias condition) છે?

Ans ✗ 1. ઝીરો બાયસ (Zero bias)
✓ 2. રિવર્સ બાયસ (Reverse bias)
✗ 3. એવેલાન્ચ બાયસ (Avalanche bias)
✗ 4. ફોરવર્ડ બાયસ (Forward bias)

---

**Q.121** થ્રી-ફેઝ વિદ્યુત પ્રણાલીમાં અસંતુલિત લોડનો અર્થ શું થાય છે?

Ans ✗ 1. ત્રણેય ફેઝમાં સમાન લોડ વિદ્યુતપ્રવાહ
✓ 2. થ્રી ફેઝમાં અસમાન લોડ વિદ્યુતપ્રવાહ
✗ 3. ત્રણેય ફેઝમાં સમાન અવરોધક લોડ
✗ 4. સમાન લોડની સાથે સમાન ફેઝ વોલ્ટેજ

---

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary GET IT ON Google Play

**Q.122** એક પ્રમાણભૂત બાયપોલર જંક્શન ટ્રાન્ઝિસ્ટર (BJT) માં કેટલા P-N જંક્શન હોય છે?

Ans
✗ 1. બરાબર 4 P-N જંક્શન
✗ 2. બરાબર 3 P-N જંક્શન
✗ 3. બરાબર 1 P-N જંક્શન
✓ **4. બરાબર 2 P-N જંક્શન**

---

**Q.123** અન્ય પેરામીટર્સ અચળ રહેતા, જો ટ્રાન્સફોર્મરના સપ્લાય વોલ્ટેજની ફ્રિક્વન્સી વધે, તો પ્રેરિત EMF ______

Ans
✗ 1. શૂન્ય થશે.
✓ **2. વધશે.**
✗ 3. ઘટશે.
✗ 4. અપરિવર્તિત રહેશે.

---

**Q.124** IE નિયમો (IE rules) ના પાલન મુજબ, નીચેનામાંથી કઈ વિગત દરેક સબ-સ્ટેશન (substation) પર પ્રદર્શિત કરવી ફરજિયાત છે?

Ans
✓ **1. ખતરો દર્શાવતા ચેતવણી સાઇન બોર્ડ્સ**
✗ 2. નકશા પર અગ્નિશામક સાધનનું સ્થાન
✗ 3. ટ્રાન્સફોર્મર વૉલ્ટેજ રેટિંગ
✗ 4. સ્ટાફ માટે એક્સેસ પાસની સૂચિ

---

**Q.125** જો બે ડિસ્ટ્રિબ્યુશન ફીડર સમાન મહત્તમ માંગ ધરાવતા હોય પરંતુ તેમનો લોડ ફેક્ટર અલગ-અલગ હોય, તો લોડ ફેક્ટરમાં રહેલો આ તફાવત શું દર્શાવે છે?

Ans
✗ 1. નીચો લોડ ફેક્ટર ધરાવતું ફીડર ઉચ્ચ મહત્તમ માંગ ધરાવે છે.
✗ 2. ઉચ્ચ લોડ ફેક્ટર ધરાવતું ફીડર એકંદરે ઓછી ઊર્જાનો ઉપયોગ કરે છે.
✓ **3. ઉચ્ચ લોડ ફેક્ટર ધરાવતું ફીડર તેની મહત્તમ ક્ષમતાનો વધુ સુસંગત ઉપયોગ કરે છે.**
✗ 4. ઉચ્ચ લોડ ફેક્ટર ધરાવતા ફીડરમાં માત્ર મહત્તમ વપરાશનો સમયગાળો ટૂંકો હોય છે.

---

**Q.126** નીચેનામાંથી કઈ રાશિ કિલોગ્રામમાં માપવામાં આવે છે?

Ans
✗ 1. ઊર્જા
✗ 2. દબાણ
✗ 3. બળ
✓ **4. દળ**

---

**Q.127** થ્રી-ફેઝ મોટરને જોડતા પહેલા, સપ્લાય ફેઝનો ક્રમ તપાસવા માટે કયા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે?

Ans
✓ **1. ફેઝ સિક્વન્સ મીટર (Phase sequence meter)**
✗ 2. થ્રી-ફેઝ એનર્જી મીટર (Three-phase energy meter)
✗ 3. AC વૉલ્ટમીટર (AC voltmeter)
✗ 4. થ્રી-ફેઝ વૉલ્ટમીટર (Three-phase Wattmeter)

---

**Q.128** ભરતી ઊર્જા ઉત્પાદન પ્રણાલીમાં, ઊર્જા ઉત્પાદન દરમિયાન સ્લુઇસ ગેટ્સ (sluice gates) નું મુખ્ય કાર્ય શું છે?

Ans
✗ 1. તે પાવર જનરેશન ચેમ્બરમાં કાંપ (sediment) ને પ્રવેશતા અટકાવે છે.
✗ 2. તે ઊંચા આઉટપુટ માટે ટર્બાઇનમાંથી પસાર થતા પાણીની ગતિમાં વધારો કરે છે.
✓ **3. તે બેરેજ (barrage) માંથી પાણીના પ્રવાહ માટે જવાબદાર છે.**
✗ 4. તે પછીથી ઉપયોગ કરવા માટે ઓટ (low tide) દરમિયાન ઉત્પન્ન થયેલી વીજળીનો સંગ્રહ કરે છે.

---

**Q.129** લાઇટિંગ સર્કિટના એન્જિનિયરિંગ ડ્રોઇંગનું વિશ્લેષણ કરતી વખતે, તમે અન્ય સામાન્ય ઘટકોની વચ્ચે ઇનકેન્ડેસન્ટ લેમ્પના પ્રતીકને કેવી રીતે ઓળખશો?

Ans
✗ 1. અંદર બે રેખાઓવાળો લંબચોરસ
✗ 2. તેની નીચે આડી રેખાવાળો ત્રિકોણ
✓ **3. અંદર ચોકડીની નિશાનીવાળું વર્તુળ**
✗ 4. અંદરથી પસાર થતા તીરની નિશાનીવાળો ચોરસ

---

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary** GET IT ON Google Play

**Q.130** કોન્ટેક્ટર-આધારિત મોટર કંટ્રોલ સર્કિટમાં, વધુ પડતા કરંટ (excessive current) ની સ્થિતિ દરમિયાન સર્કિટને અટકાવવા માટે કયો ઘટક જવાબદાર છે?

Ans
✗ 1. રોટર રેઝિસ્ટન્સ યુનિટ (Rotor resistance unit)
✓ **2. થર્મલ ઓવરલોડ રિલે (Thermal overload relay)**
✗ 3. ઇમ્પીડન્સ રિલે (Impedance relay)
✗ 4. બુખોલ્ઝ રિલે (Buchholz relay)

**Q.131** NPN ટ્રાન્ઝિસ્ટર સર્કિટમાં, બેઝ પ્રવાહમાં વધુ વધારો કરવા છતાં પણ કલેક્ટર પ્રવાહ વધતો બંધ થઈ જાય છે. આ પરિસ્થિતિમાં ટ્રાન્ઝિસ્ટર કયા વિસ્તારમાં કાર્યરત હોય છે?

Ans
✗ 1. વિપરીત બાયસ વિસ્તાર (Reverse bias region)
✗ 2. કટ-ઓફ વિસ્તાર (Cut-off region)
✓ **3. સંતૃપ્તિ વિસ્તાર (Saturation region)**
✗ 4. સક્રિય વિસ્તાર (Active region)

**Q.132** નીચેનામાંથી કયું વિધાન શુધ્ધ અવરોધક સિંગલ-ફેઝ AC પરિપથમાં વોલ્ટેજ અને પ્રવાહ વચ્ચેના સંબંધને સૌથી સારી રીતે વર્ણવે છે?

Ans
✗ 1. કરંટ એ વોલ્ટેજ કરતાં 90° પાછળ હોય છે.
✗ 2. કરંટ એ વોલ્ટેજની વિરુદ્ધ ફેઝમાં હોય છે.
✗ 3. કરંટ એ વૉલ્ટેજ કરતાં 90° આગળ હોય છે.
✓ **4. કરંટ એ વોલ્ટેજની સાથે ઇન-ફેઝ (એક જ ફેઝમાં) હોય છે.**

**Q.133** DC મશીનમાં ઉત્પન્ન થતો વોલ્ટેજ (generated voltage) માત્ર તેની ઝડપ પર જ આધાર રાખે તે સુનિશ્ચિત કરવા માટે કયું પરિબળ અચળ (constant) રહેવું જોઈએ?

Ans
✓ **1. ફીલ્ડ ફ્લક્સ (Field flux)**
✗ 2. કન્ડક્ટર્સની સંખ્યા (Number of conductors)
✗ 3. આર્મેચર અવરોધ (Armature resistance)
✗ 4. લોડ કરન્ટ (Load current)

**Q.134** એક ઔદ્યોગિક વર્કશોપમાં જ્યાં લાઈવ (energized) મશીનરી ચાલી રહી છે ત્યાં અચાનક મોટી ઇલેક્ટ્રિકલ આગ ફાટી નીકળે છે. એક સુપરવાઇઝર તરીકે, આગ ઓલવવા માટે નીચેનામાંથી કયો સૌથી સુરક્ષિત અને અસરકારક રસ્તો છે?

Ans
✗ 1. મશીનરીને ઠંડી કરવા અને જ્વાળાઓને દબાવવા માટે પાણી અગ્નિશામકનો ઉપયોગ કરવો
✗ 2. લાઈવ સાધનો પર સીધા જ ફોમ (foam) અગ્નિશામકનો ઉપયોગ કરવો
✓ **3. ઇલેક્ટ્રિકલ પાવર સપ્લાયને અલગ કર્યા પછી $CO_2$ અગ્નિશામકનો ઉપયોગ કરવો**
✗ 4. પાવર સપ્લાય ચાલુ રાખીને જ ડ્રાય પાવડર અગ્નિશામકનો ઉપયોગ કરવો

**Q.135** બે ટ્રાન્સફોર્મરના સેકન્ડરી વોલ્ટેજ 120 V અને 80 V છે. જો તેમને શ્રેણી સહાયક ((series aiding)માં જોડવામાં આવે, તો કુલ વોલ્ટેજ કેટલો થશે?

Ans
✗ 1. 40 V
✓ **2. 200 V**
✗ 3. 120 V
✗ 4. 80 V

**Q.136** લંબાઈ l અને પહોળાઈ b ધરાવતા લંબચોરસની પરિમિતિ શોધવા માટે કયા સૂત્રનો ઉપયોગ થાય છે?

Ans
✓ **1. 2(l+b)**
✗ 2. l+b+h
✗ 3. πr^2
✗ 4. l×b

**Q.137** કઈ પરિસ્થિતિ (scenario) ના કારણે વિતરણ નેટવર્ક (distribution network) માં ડાયવર્સિટી ફેક્ટર (diversity factor) નું મૂલ્ય ઓછું (lower) આવશે?

Ans
✗ 1. ગ્રાહકોના પીક લોડના સમય અણધારી રીતે અલગ-અલગ (random) હોય છે.
✗ 2. કેટલાક ગ્રાહકોના પીક લોડ સવારે હોય છે, જ્યારે અન્યના રાત્રે હોય છે.
✗ 3. ગ્રાહકોના પીક લોડ દિવસ દરમિયાન અલગ-અલગ સમયે હોય છે.
✓ **4. તમામ ગ્રાહકોના પીક લોડ એક જ સમયે હોય છે.**

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.138 ઇન્ડક્શન મોટરનો કયો પેરામીટર નો-લોડથી ફુલ-લોડ ઓપરેશન દરમિયાન લગભગ અચળ રહે છે?**

Ans ✗ 1. રોટરનો કોપર વ્યય
✗ 2. આરંભિક વિદ્યુતપ્રવાહનું મૂલ્ય
✓ **3. મોટરની ઓપરેટિંગ ઝડપ**
✗ 4. સ્ટેટર વાઇન્ડિંગનું તાપમાન

---

**Q.139 RYB ફેઝ શ્રેણીવાળી થ્રી-ફેઝ સિસ્ટમમાં, ___________ ફેઝ Y તેના મહત્તમ મૂલ્ય સુધી પહોંચે છે.**

Ans ✗ 1. ફેઝ R તેના પીકના મૂલ્ય સુધી પહોંચે તે પહેલા
✓ **2. ફેઝ R તેના પીકના મૂલ્ય સુધી પહોંચ્યા પછી**
✗ 3. ફેઝ B તેના પીકના મૂલ્ય સુધી પહોંચ્યા પછી
✗ 4. ફેઝ B ના પીકના મૂલ્ય સાથે

---

**Q.140 મેટલવર્કિંગ (Metalworking) ઓપરેશન્સમાં હેન્ડ ફાઈલનો મુખ્ય (primary) ઉપયોગ શું છે?**

Ans ✗ 1. બે ધાતુના ભાગોને એકસાથે (together) જોડવા
✗ 2. ફિટિંગ કામ (fitting work) માટે લાકડાના ટુકડા કાપવા
✓ **3. ધાતુની સપાટીઓને કાર્યક્ષમ રીતે સ્મૂધ (smooth) કરવી અને આકાર આપવો**
✗ 4. શીટ મેટલ પર ખૂણાઓને સચોટ રીતે (precisely) માપવા

---

**Q.141 પવન ઊર્જા પ્લાન્ટમાં એક્સાઇટર (Exciter) નું કાર્ય શું છે?**

Ans ✗ 1. યાંત્રિક ઊર્જાનું સીધું જ વિદ્યુત ઊર્જામાં રૂપાંતર કરવા માટે
✗ 2. પાવર રેગ્યુલેશન (નિયમન) માટે પવનની ગતિ માપવા માટે
✗ 3. વિન્ડ ટર્બાઇન રોટરની ગતિ (Speed) ને નિયંત્રિત કરવા માટે
✓ **4. વોલ્ટેજ ઉત્પન્ન કરવા માટે કોઇલને જરૂરી એક્સાઇટેશન (ઉત્તેજના) પૂરું પાડવા માટે**

---

**Q.142 ફોરવર્ડ બાયસ દરમિયાન PN જંકશન ડાયોડના ડેપ્લેશન વિસ્તાર પર શું અસર થાય છે?**

Ans ✗ 1. તેમાં કોઈ ફેરફાર થતો નથી.
✓ **2. તે સાંકડો થાય છે.**
✗ 3. તે ઓપન સર્કિટ બને છે.
✗ 4. તે પહોળો થાય છે.

---

**Q.143 20 m મીટર લાંબો એક વર્કશોપ પરિપથ (circuit) 16 A નો લોડ વહન કરે છે, અને વોલ્ટેજ ડ્રોપ ન્યૂનતમ રાખવો એ સૌથી પ્રથમ પ્રાથમિકતા છે. તો કયા કદનો તાંબાનો તાર સૌથી શ્રેષ્ઠ પસંદગી રહેશે?**

Ans ✗ 1. 1.5 sq mm તાંબાનો તાર
✗ 2. 2.5 sq mm તાંબાનો તાર
✗ 3. 1.0 sq mm તાંબાનો તાર
✓ **4. 4.0 sq mm તાંબાનો તાર**

---

**Q.144 જો કોઈ પદાર્થનું વોલ્યુમ (કદ) બદલાયા વગર તેનું દળ (mass) વધે, તો તેની ઘનતા (density) નું શું થાય છે?**

Ans ✗ 1. ઘટે છે
✗ 2. શૂન્ય બને છે
✗ 3. સમાન રહે છે
✓ **4. વધે છે**

---

Blackbook
Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.145** વોલ્ટેજ સ્ટેબિલાઇઝરના બ્લોક ડાયાગ્રામમાં, કયું યુનિટ વોલ્ટેજમાં ફેરફારને અનુભવે છે?




Ans
- ✗ 1. ઈનપુટ યુનિટ
- ✗ 2. ડિટેક્ટર યુનિટ
- ✗ 3. કંટ્રોલ સર્કિટ યુનિટ
- ✓ **4. સેન્સિંગ યુનિટ**

---

**Q.146** ડેલ્ટા-કનેક્ટેડ થ્રી-ફેઝ સર્કિટમાં વૉલ્ટેજ વિશે કયું વિધાન સાચું છે?

Ans
- ✗ 1. લાઈન વૉલ્ટેજ એ ફેઝ વૉલ્ટેજ કરતાં ઓછો હોય છે.
- ✗ 2. લાઈન વૉલ્ટેજ એ ફેઝ વૉલ્ટેજ કરતાં બમણો હોય છે.
- ✗ 3. લાઈન વૉલ્ટેજ શૂન્ય હોય છે.
- ✓ **4. લાઈન વૉલ્ટેજ એ ફેઝ વૉલ્ટેજ જેટલો જ હોય છે.**

---

**Q.147** વિદ્યુત વિભાજનનો ઉપયોગ કરીને એક ધાતુની સપાટી પર બીજી ધાતુનું પાતળું આવરણ ચડાવવાની પ્રક્રિયાને શું કહે છે?

Ans
- ✗ 1. ટેમ્પરિંગ (Tempering)
- ✓ **2. ઇલેક્ટ્રોપ્લેટિંગ (Electroplating)**
- ✗ 3. ગેલ્વેનાઇઝિંગ (Galvanizing)
- ✗ 4. એનીલિંગ (Annealing)

---

**Q.148** એક જનરેટિંગ સ્ટેશનનો કુલ કનેક્ટેડ લોડ 9500 kW છે. જો ડિમાન્ડ ફેક્ટર 0.65 હોય, તો સ્ટેશનની મહત્તમ ડિમાન્ડ (maximum demand) કેટલી હશે?

Ans
- ✗ 1. 6500 kW
- ✗ 2. 9500 kW
- ✓ **3. 6175 kW**
- ✗ 4. 14615 kW

---

**Q.149** એક ફેક્ટરી મેનેજર કાર્યસ્થળની સુરક્ષા પ્રક્રિયાઓને અદ્યતન કરી રહ્યા છે અને વીજળીના જોખમોને ન્યૂનતમ કરવા માટે યોગ્ય સુરક્ષા ધોરણોની પસંદગી કરવાની રહેશે. ઔદ્યોગિક વ્યવસાયિક આરોગ્ય અને સુરક્ષામાં ધોરણની વિભાવનાનો અસરકારક અમલ નીચેનામાંથી કઈ ક્રિયા દ્વારા શ્રેષ્ઠ રીતે પ્રદર્શિત થાય છે?

Ans
- ✗ 1. કાર્યસ્થળમાં સામાન્ય રીતે અનુસરવામાં આવતી પદ્ધતિઓ અનુસાર સુરક્ષા આવશ્યકતાઓની પસંદગી કરવી
- ✓ **2. કોઈ માન્યતા પ્રાપ્ત સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલી સ્વીકૃત વીજળી સુરક્ષા માર્ગદર્શિકાઓનો અમલ કરવો**
- ✗ 3. વીજળીની સુરક્ષા સંબંધિત ચિંતાઓનું નિવારણ કરતી વખતે વ્યક્તિગત નિર્ણય પર આધાર રાખવો
- ✗ 4. દરેક ઉત્પાદન વિભાગ માટે સ્વતંત્ર રીતે અલગ-અલગ સુરક્ષા નિયમો વિકસાવવા

---

Get India's No 1 Vocab Preparation App for FREE : **Blackbook : English Vocabulary**
GET IT ON Google Play

**Q.150 વિદ્યુત સર્કિટમાં સ્વ-પ્રેરિત વિદ્યુતચુંબકીય બળ (emf) એટલે શું?**

Ans ✗ 1. કોઇલ સાથે જોડેલી બેટરીના કારણે કોઇલમાં પ્રેરિત થતું emf
✓ **2. કોઇલમાંથી પસાર થતાં વિદ્યુતપ્રવાહના ફેરફારના દરને કારણે તે જ કોઇલમાં ઉત્પન્ન થતું emf**
✗ 3. કોઈ બાહ્ય સર્કિટના વૉલ્ટેજ દ્વારા કોઇલમાં પ્રેરિત થતું emf
✗ 4. નજીક રહેલી અન્ય કોઇલમાં વિદ્યુતપ્રવાહના ફેરફારને કારણે કોઈ એક કોઇલમાં પ્રેરિત થતું emf

---

**Q.151 એક કામદાર એક કામ 5 કલાકમાં પૂરું કરે છે. તે જ કામદારને તેવા જ 8 સમાન કામ પૂર્ણ કરવા માટે લાગતા કુલ સમયનો અંદાજ લગાવો.**

Ans ✗ 1. 35 કલાક
✓ **2. 40 કલાક**
✗ 3. 30 કલાક
✗ 4. 45 કલાક

---

**Q.152 AC મશીનોના ડિસ્ટ્રીબ્યુટેડ વાઇન્ડિંગમાં, કોઇલ _______ જોડાયેલ હોય છે.**

Ans ✓ **1. યોગ્ય ફેઝ ક્રમમાં**
✗ 2. ફક્ત યાદચ્છિક ક્રમમાં
✗ 3. ફક્ત ડમી સ્લોટમાં
✗ 4. ફક્ત વિપરીત પોલારિટીમાં

---

**Q.153 જો DC મોટરના આર્મેચરમાં વહેતા પ્રવાહની દિશા બદલવામાં આવે અને ચુંબકીય ક્ષેત્ર સમાન રાખવામાં આવે, તો તેના પરિભ્રમણ પર શું અસર થશે?**

Ans ✗ 1. પરિભ્રમણની ગતિ વધશે.
✗ 2. પરિભ્રમણની દિશા સમાન રહેશે.
✓ **3. પરિભ્રમણની દિશા ઉલટાઈ જશે.**
✗ 4. મોટર ફરવાનું બંધ થઈ જશે.

---

**Q.154 AC વેરિએબલ ફ્રિકવન્સી ડ્રાઇવ (VFD) માં, મહત્તમ ફ્રિકવન્સી સેટિંગ શું નક્કી કરે છે?**

Ans ✗ 1. ડ્રાઇવને સપ્લાય કરવામાં આવતી લઘુત્તમ (minimum) આઉટપુટ ફ્રિકવન્સી
✗ 2. ડ્રાઇવનું મહત્તમ સ્વીકાર્ય ઓપરેટિંગ તાપમાન
✓ **3. મોટરની મેળવી શકાય તેવી સર્વોચ્ચ રનિંગ સ્પીડ**
✗ 4. ડ્રાઇવનો મહત્તમ બ્રેકિંગ ટોર્ક (braking torque)

---

**Q.155 એક ઔદ્યોગિક એકમ થ્રી-ફેઝ સિસ્ટમનો ઉપયોગ કરે છે અને વાયરિંગને અપગ્રેડ કરવાનું આયોજન કરી રહ્યું છે. IE નિયમો અનુસાર, સપ્લાય પોઇન્ટથી લોડ સુધી મહત્તમ સ્વીકાર્ય વોલ્ટેજ ડ્રોપ (voltage drop) કેટલો છે?**

Ans ✗ 1. વોલ્ટેજ ડ્રોપ નામાંકિત (nominal) વોલ્ટેજના 2 ટકાથી વધુ હોવો જોઈએ નહીં
✓ **2. વોલ્ટેજ ડ્રોપ નામાંકિત (nominal) વોલ્ટેજના 5 ટકાથી વધુ હોવો જોઈએ નહીં**
✗ 3. વોલ્ટેજ ડ્રોપ નામાંકિત (nominal) વોલ્ટેજના 20 ટકાથી વધુ હોવો જોઈએ નહીં
✗ 4. વોલ્ટેજ ડ્રોપ નામાંકિત (nominal) વોલ્ટેજના 10 ટકાથી વધુ હોવો જોઈએ નહીં

---

**Q.156 સ્માર્ટ એનર્જી મીટરની કઈ લાક્ષણિકતા ઘટનાસ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધા વિના ઇલેક્ટ્રિકલ સેવાને દૂરસ્થ રીતે (રિમોટલી) બંધ અને ચાલુ કરવાની સુવિધા આપે છે?**

Ans ✗ 1. હાઇ સ્પીડ ડેટા ટ્રાન્સફર (High speed data transfer)
✗ 2. વાયરલેસ કોમ્યુનિકેશન મોડ્યુલ (Wireless communication module)
✓ **3. ઇન્ટિગ્રેટેડ રિલે સ્વીચ (Integrated relay switch)**
✗ 4. ટેમ્પર ડિટેક્શન સર્કિટ (Tamper detection circuit)

---

**Q.157 IEE નિયમો અનુસાર, ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશનમાં અર્થિંગ કરવાનો હેતુ શું છે?**

Ans ✗ 1. ઇલેક્ટ્રિકલ સર્કિટની કાર્યક્ષમતા વધારવા માટે
✗ 2. ડિસ્ટ્રિબ્યુશન લાઇનમાં વોલ્ટેજ રેગ્યુલેશન સુધારવા માટે
✓ **3. ઇલેક્ટ્રિક શોકને અટકાવીને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે**
✗ 4. સર્કિટમાં વિદ્યુતચુંબકીય વ્યતિકરણ (ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ટરફરન્સ)ને મર્યાદિત કરવા માટે

---

Blackbook
Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.158** જો DC મોટર પરનો લોડ (load) અચાનક વધી જાય, તો શરૂઆતમાં બેક ઇએમએફ (back emf) માં શું ફેરફાર થાય છે?

Ans
✗ 1. બેક ઇએમએફ (Back emf) તેના મહત્તમ સ્તરે પહોંચે છે
✗ 2. બેક ઇએમએફ (Back emf) તરત જ વધે છે
✗ 3. બેક ઇએમએફ (Back emf) અપરિવર્તિત (તેમ જ) રહે છે
✓ 4. બેક ઇએમએફ (Back emf) અસ્થાયી રૂપે ઘટે છે

**Q.159** DC ડ્રાઇવ સિસ્ટમ્સની કઈ લાક્ષણિકતા તેમને એલિવેટર અને લિફ્ટ કંટ્રોલ એપ્લિકેશન્સ માટે યોગ્ય બનાવે છે?

Ans
✗ 1. વજનમાં હલકી રચના (light weight construction)
✗ 2. ઓછી જાળવણી (Less maintenance)
✓ 3. ચોક્કસ સ્પીડ કંટ્રોલ (precise speed control)
✗ 4. ઓછો ઓપરેશનલ ખર્ચ (low operational cost)

**Q.160** યુનિવર્સલ મોટરના સિંગલ-ફેઝ AC ઓપરેશન દરમિયાન કમ્યુટેશન પ્રક્રિયાને પ્રભાવિત કરતું અત્યંત વધુ બ્રશ સ્પાર્કિંગ (brush sparking) થવાનું કારણ શું છે?

Ans
✓ 1. આર્મેચર રિએક્શન અને ઇન્ડક્ટિવ રિએક્ટન્સની અસરો
✗ 2. ફક્ત મિકેનિકલ વાઇબ્રેશન અને બેરિંગ ઘર્ષણની અસરો
✗ 3. ફક્ત ઉચ્ચ ઇન્સ્યુલેશન રેઝિસ્ટન્સ અને વાઇન્ડિંગ લીકેજ
✗ 4. ઓછો મેગ્નેટિક ફ્લક્સ અને ઘટેલી ફિલ્ડ સ્ટ્રેન્થ

**Q.161** NPN ટ્રાન્ઝિસ્ટર સ્વીચમાં, લોડ અને બાહ્ય વાયરિંગ સામાન્ય હોવાની ચકાસણી કરવામાં આવે છે. બેઝ ડ્રાઇવ હાજર છે, પરંતુ લોડ OFF રહે છે અને કલેક્ટર-એમીટર વોલ્ટેજ $V_{CE}$ એ સપ્લાય વોલ્ટેજ $V_{CC}$ ની લગભગ સમાન રહે છે. ટ્રાન્ઝિસ્ટરમાં સૌથી વધુ કઈ ખામી હોવાની સંભાવના છે?

Ans
✓ 1. કલેક્ટર-એમીટર પાથ ઓપન-સર્કિટ થઈ નિષ્ફળ ગયો છે.
✗ 2. લોડ શોર્ટ-સર્કિટ થઈ ગયો છે.
✗ 3. ટ્રાન્ઝિસ્ટર સંતૃપ્તિ ક્ષેત્રમાં કાર્યરત છે.
✗ 4. કલેક્ટર-એમીટર પાથ શોર્ટ-સર્કિટ થઈ નિષ્ફળ ગયો છે.

**Q.162** કંટ્રોલ વાયરિંગ માટે શીટ મેટલ પેનલમાં ગ્રોમેટ ઇન્સ્ટોલ કરતી વખતે, પેનલના ઓપનિંગ આગળ કંડક્ટર ઇન્સ્યુલેશનને મિકેનિકલ ઘસારાથી બચાવવા માટે કઈ ઇન્સ્ટોલેશન આવશ્યકતાઓ સુનિશ્ચિત કરવામાં આવે છે?

Ans
✗ 1. પેનલ ઓપનિંગ પર થ્રેડેડ ફાસ્ટનિંગ ટૂલ્સનો ઉપયોગ કરીને ગ્રોમેટને યાંત્રિક રીતે કસવું જોઈએ
✓ 2. પેનલ ઓપનિંગની તીક્ષ્ણ ધાતુની ધારને સંપૂર્ણપણે ઢાંકવા માટે ગ્રોમેટ ચુસ્તપણે ફિટ કરવું જોઈએ
✗ 3. પેનલ ઓપનિંગની અંદર સ્વતંત્ર રૂપથી હિલચાલ કરવા માટે ગ્રોમેટ ઢીલું ફીટ કરેલું હોવું જોઈએ
✗ 4. પેનલ ઓપનિંગ પર કાયમી ફિક્સેશન પૂરું પાડવા માટે ગ્રોમેટને એડહેસિવ વડે જોડવું જોઈએ

**Q.163** એક સિંગલ ઇન્સ્યુલેટર સ્ટ્રિંગ (single insulator string) ને 220 kV ના ફેઝ-ટુ-અર્થ વોલ્ટેજ (phase-to-earth voltage) સામે ટકી રહેવું જરૂરી છે. દરેક ડિસ્ક ઇન્સ્યુલેટર (disc insulator) ની રેટિંગ ક્ષમતા 11 kV છે. 2 નો સલામતી ગુણાંક ધ્યાનમાં લેતા, જરૂરી ડિસ્કની લઘુત્તમ સંખ્યા કેટલી હશે?

Ans
✗ 1. 30 ડિસ્ક
✗ 2. 25 ડિસ્ક
✗ 3. 20 ડિસ્ક
✓ 4. 40 ડિસ્ક

**Q.164** તેની યાંત્રિક રીતે મજબૂત રોટર રચના (mechanically strong rotor construction) ને કારણે કયા પ્રકારનું ઓલ્ટરનેટર હાઇ-સ્પીડ ઓપરેશન માટે સૌથી વધુ અનુકૂળ છે?

Ans
✗ 1. સેલિયન્ટ પોલ અલ્ટરનેટર
✓ 2. સિલિન્ડ્રિકલ રોટર અલ્ટરનેટર
✗ 3. રિપલ્ઝન ટાઇપ અલ્ટરનેટર
✗ 4. સ્પ્લિટ ફેઝ અલ્ટરનેટર

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.165** રહેણાંક (residential) ની વિદ્યુત વાયરિંગ સિસ્ટમ્સમાં માત્ર એક જ જગ્યાએ (location) થી સિંગલ-ફેઝ લાઇટિંગ પરિપથ (lighting circuit) ને નિયંત્રિત કરવા માટે કયા પ્રકારના સ્વીચનો ઉપયોગ થાય છે?

Ans
✗ 1. સિંગલ પોલ ડબલ થ્રો (SPDT) સ્વીચ (Single Pole Double Throw (SPDT) switch)
✓ **2. સિંગલ પોલ સિંગલ થ્રો (SPST) સ્વીચ (Single Pole Single Throw (SPST) switch)**
✗ 3. ડબલ પોલ સિંગલ થ્રો (DPST) સ્વીચ (Double Pole Single Throw (DPST) switch)
✗ 4. ડબલ પોલ ડબલ થ્રો (DPDT) સ્વીચ (Double Pole Double Throw (DPDT) switch)

---

**Q.166** મુવિંગ આયર્ન સાધનો (moving iron instruments) માં ડેમ્પિંગ (અવમંદન) મેળવવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

Ans
✗ 1. પોઇન્ટર પર સ્પ્રિંગ ફ્રિક્શન ડેમ્પિંગ (Spring friction damping) લાગુ કરવામાં આવે છે
✓ **2. એર ચેમ્બરનો ઉપયોગ કરીને એર ફ્રિક્શન ડેમ્પિંગ (Air friction damping) પ્રદાન કરવામાં આવે છે**
✗ 3. ચુંબકનો ઉપયોગ કરીને એડી કરન્ટ ડેમ્પિંગ (Eddy current damping) મેળવવામાં આવે છે
✗ 4. ઓઇલથી ભરેલી ચેમ્બર સાથે લિક્વિડ ડેમ્પિંગ (Liquid damping) નો ઉપયોગ થાય છે

---

**Q.167** સિંક્રોનસ મશીનનો V-વક્ર (V-curve) કોની વચ્ચેનો સંબંધ દર્શાવે છે?

Ans
✗ 1. પાવર અને કાર્યક્ષમતા
✗ 2. ઝડપ અને ટોર્ક
✓ **3. આર્મેચર કરંટ અને ફિલ્ડ કરંટ**
✗ 4. વોલ્ટેજ અને ફ્રિક્વન્સી

---

**Q.168** એક ઔદ્યોગિક પ્લાન્ટનું લાંબા અંતર પર વોલ્ટેજ ડ્રોપ (voltage drop) ન્યૂનતમ કરવા માટે વાયરિંગ લેઆઉટ કરવાનું છે. ઇલેક્ટ્રિશિયને લેઆઉટમાં શું એડજસ્ટ કરવું જોઈએ?

Ans
✗ 1. કંડક્ટરની સાઈઝ સમાન રાખીને ઇન્સ્યુલેશનની જાડાઈ વધારવી
✗ 2. નાના ગેજના કંડક્ટર પસંદ કરવા
✗ 3. લાંબા કેબલ રૂટ સાથે પાતળા કંડક્ટરનો ઉપયોગ કરવો
✓ **4. કંડક્ટરની સાઈઝ વધારવી અને કેબલની લંબાઈ ન્યૂનતમ કરવી**

---

**Q.169** કયું વિધાન દર્શાવે છે કે જો પોલ દીઠ ફ્લક્સ અચળ રહે અને આર્મેચર કરંટ બમણો કરવામાં આવે, તો DC મશીનનો ટોર્ક કેવી રીતે બદલાય છે?

Ans
✗ 1. ટોર્ક અપરિવર્તિત રહેશે.
✓ **2. ટોર્ક બમણો થશે.**
✗ 3. ટોર્ક ફ્લક્સ કરતાં અડધો થશે.
✗ 4. ટોર્ક ફ્લક્સ કરતાં ચાર ગણો થઈ જશે.

---

**Q.170** એક ટ્રિગરિંગ સર્કિટ (triggering circuit) માં વપરાતું DIAC કઈ શરત પૂરી થયા પછી જ વહન (conducting) કરવાનું શરૂ કરે છે?

Ans
✗ 1. સપ્લાય ફ્રીક્વન્સી વધે પછી
✗ 2. હોલ્ડિંગ કરંટ શૂન્ય થઈ જાય પછી
✓ **3. બ્રેકઓવર વોલ્ટેજ સુધી પહોંચી ગયા પછી**
✗ 4. ફોરવર્ડ અવરોધ અનંત (infinite) થઈ જાય પછી

---

**Q.171** માત્ર કંપાસ અને સીધી પટ્ટી (straightedge) નો ઉપયોગ કરીને નિયમિત ષટ્કોણ (regular hexagon) ની રચના કરતી વખતે, કઈ પદ્ધતિ માપનની ભૂલો વિના ચોક્કસ સમાન બાજુઓ અને સાચા ખૂણાઓ સુનિશ્ચિત કરે છે?

Ans
✓ **1. એક વર્તુળ દોરવું અને વર્તુળની ત્રિજ્યા જેટલા જ પરિકરના માપનો ઉપયોગ કરીને પરિઘ પર સમાન ચાપ મારવા, પછી તે બિંદુઓને ક્રમમાં જોડવા.**
✗ 2. એક વર્તુળ દોરવું અને પરિઘ પર સમાન અંતર સુનિશ્ચિત કર્યા વિના એકાંતરે આવતા (alternate) બિંદુઓને જોડવા.
✗ 3. એક વર્તુળ દોરવું અને પરિઘ પર છ યાદચ્છિક (random) બિંદુઓ અંકિત કરવા, પછી તેમને ક્રમશઃ જોડવા.
✗ 4. એક વર્તુળ દોરવું અને વર્તુળના કેન્દ્ર આગળ ખૂણાઓનો અંદાજ લગાવીને તેને છ સમાન ભાગોમાં વિભાજિત કરવું.

---

**Q.172** એક વિદ્યાર્થીને ડ્રોઇંગમાં સીધી રેખા પર એકસરખા માપના કેટલાક અંતરો સ્થાનાંતરિત (transfer) કરવાની જરૂર છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન સુસંગતતા અને ચોકસાઈ જાળવી રાખવામાં કઈ પદ્ધતિ મદદ કરશે?

Ans
✓ **1. ડિવાઇડરને એક જ વાર સેટ કરવું અને રેખા પર તેને વારંવાર આગળ વધારવું**
✗ 2. અંદાજિત સમાન અંતરે મુક્તહસ્તે (freehand) અનેક રેખાઓ દોરવી
✗ 3. માપપટ્ટી (સ્કેલ) વડે દરેક અંતરાલ માપવો અને પેન્સિલથી નિશાની કરવી
✗ 4. માર્કિંગ કરતાં પહેલાં દરેક અંતરાલ માટે ડિવાઇડરને ફરીથી સેટ કરવું

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play

**Q.173** ઘરગથ્થુ વિદ્યુત ઉપકરણોમાં અર્થિંગ કરવાનો મુખ્ય હેતુ શું છે?

Ans
✗ 1. વોલ્ટેજ સ્થિરતા સુધારવા માટે
✓ 2. ખામીયુક્ત વિદ્યુતપ્રવાહ માટે સુરક્ષિત માર્ગ પૂરો પાડવા માટે
✗ 3. વાયરને અતિશય ગરમ થતો અટકાવવા માટે
✗ 4. ઉપકરણની કાર્યક્ષમતા વધારવા માટે

**Q.174** એક એન્જિનિયરને મશીન કમ્પોનન્ટ ડ્રોઈંગ પર 15 mm વ્યાસનું નાનું છિદ્ર ચોકસાઈપૂર્વક દોરવાનું છે. આ કાર્ય માટે કયું સાધન સૌથી વધુ સચોટ પરિણામ આપશે?

Ans
✗ 1. સેટ સ્ક્વેર (Set square)
✗ 2. પીવોટ જોઈન્ટ કંપાસ (Pivot joint compass)
✓ 3. સ્પ્રિંગ બો કંપાસ (Spring bow compass)
✗ 4. પ્રોટ્રેક્ટર (Protractor)

**Q.175** DC જનરેટરની કાર્યક્ષમતા (Efficiency) કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

Ans
✗ 1. જનરેટરમાં થતાં કુલ નુકસાન દ્વારા
✗ 2. જનરેટરની પરિભ્રમણ ગતિ દ્વારા
✗ 3. માત્ર વિદ્યુત નુકસાન દ્વારા
✓ 4. આઉટપુટ પાવર અને ઇનપુટ પાવરના ગુણોત્તર દ્વારા

Blackbook

Get India's No 1 Vocab Preparation App for FREE : Blackbook : English Vocabulary
GET IT ON Google Play